# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-03-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## જગ લાડકી મુન્દ્રા બંદરે પહોચ્યું :

આજે સવારે એક મોટું ભારતીય કાર્ગો જહાજ, "જગ લાડકી", મોટી માત્રામાં ક્રૂડ ઓઇલ લઈને મુન્દ્રા બંદરે પહોંચ્યું છે. આ જહાજ સંયુક્ત આરબ અમીરાતથી આશરે 81,000 મેટ્રિક ટન ઉચ્ચ ગુણવત્તાવાળા તેલનું વહન કરીને આવ્યું છે. તેલને રિફાઇનરીઓ સુધી પહોંચાડવા માટે બંદર પર વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

274.19 મીટર લંબાઈ અને 50.04 મીટર પહોળાઈ ધરાવતું આ જહાજ શનિવારે યુએઈના ફુજૈરા બંદરથી રવાના થયું હતું અને આજે સવારે મુન્દ્રા બંદરે સુરક્ષિત રીતે પહોંચ્યું હતું.

ઉલ્લેખનીય છે કે અગાઉ બે જહાજો ગુજરાતના બંદરો પર ઇંધણના મોટા જથ્થા સાથે પહોંચ્યા છે. પહેલું "શિવાલિક", મુન્દ્રા પહોંચ્યું હતું, અને બીજું, "નંદા દેવી" વાડીનાર બંદરે પહોંચ્યું હતું. હવે આ ત્રીજા જહાજના આગમનથી પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ વચ્ચે પણ ભારતના ઉર્જા ક્ષેત્રને નોંધપાત્ર રીતે વેગ મળશે.

**--------------------------------------------------------------------------------------**

## વિકાસ સતા મંડળ દ્વારા જીલ્લાના પાંચ શહેરોના વિકાસલક્ષી બજેટ મંજુર:

કચ્છ જિલ્લા કલેક્ટર અને વિવિધ વિકાસ સત્તામંડળના ચેરમેન આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ માટે જિલ્લાના પાંચ મુખ્ય શહેરોના વિકાસલક્ષી બજેટને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી છે. પ્રથમ વખત ચોક્કસ આયોજન સાથે રજૂ કરાયેલા આ બજેટમાં વહીવટી ખર્ચ કરતા માળખાકીય સુવિધાઓ પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.

ભુજ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (ભાડા) માટે રૂ. ૨૫૧૦ લાખનું બજેટ ફાળવાયું છે, જેમાં પીવાના પાણી માટે રૂ. ૬૦૭ લાખ, ડ્રેનેજ માટે રૂ. ૭૬૫ લાખ અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે રૂ. ૩૮૦ લાખની જોગવાઈ કરાઈ છે.

ગાંધીધામ વિસ્તાર વિકાસ સત્તામંડળ માટે રૂ. ૭૨ કરોડનું બજેટ મંજૂર કરાયું છે, જેમાંથી રૂ. ૩૦ કરોડની ગ્રાન્ટ નગરપાલિકાને આઈકોનિક રોડ અને સ્વચ્છતાના કામો માટે અપાશે.

અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ માટે રૂ. ૨૩૯૨ લાખનું બજેટ મંજૂર કરાયૂ છે. આ બજેટમાં સ્ટેડિયમ અને મેમોરિયલ પાર્ક જેવા પ્રોજેક્ટ્સને પ્રાધાન્ય અપાયું છે.

જ્યારે ભચાઉ વિકાસ સત્તામંડળ માટે રૂ. ૧૬૨.૩૦ લાખ અને રાપર વિકાસ સત્તા મંડળ માટે રૂ. ૧૪૧.૬૪ લાખનું બજેટ મંજૂર કરી બગીચાઓ અને આઈકોનિક રોડના નિર્માણનો લક્ષ્યાંક રખાયો છે. આ આયોજનબદ્ધ અભિગમથી કચ્છના શહેરોમાં માળખાકીય સુવિધાઓ ઝડપથી ઉપલબ્ધ થશે અને લોકોનું જીવનધોરણ સુધરશે.

---

## રાપર, ખડીર વિસ્તારમાં સરહદી સંવાદ કાર્યક્રમ :

રાપર તાલુકાના સરહદી વિસ્તાર અને ખડીર વિસ્તારની સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવાના હેતુથી પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર દ્વારા બાલાસર ખાતે વિશેષ ‘સરહદી સંવાદ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં મધ્ય એશિયામાં ચાલી રહેલા યુદ્ધની સ્થિતિ વચ્ચે આંતર્રાષ્ટ્રીય સરહદ ધરાવતા વાગડ અને ખડીરના લોકો સાવચેત રહે તે માટે આ કાર્યક્રમમાં માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે,  સરહદી સુરક્ષા પોલીસની સાથે નાગરિકોની પણ સંયુક્ત જવાબદારી છે ત્યારે કોઈ પણ અજાણ્યા કે શંકાસ્પદ શખ્સની હિલચાલ જણાવતો તાત્કાલિક સ્થાનિક પોલીસને જાન કરવા આહ્વાન કર્યું હતું. આ સંવાદ કાર્યક્રમમાં લોકો દ્વારા પાયાના પ્રશ્નો રજુ કરાયા હતા. જેના હકારાત્મક ઉકેલ અંગે ખાતરી અપાઈ હતી.

---

## જીલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડા, જળ સંગ્રહના કામો :

જીલ્લાના ૩ પ્રાથમિક શાળાના ૨૯૧ જેટલા ઓરડાઓ મંજુર કરવામાં આવ્યા છે તેમ રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગના મંત્રીએ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે નખત્રાણા તાલુકામાં ૧૦૧, અબડાસામાં ૧૫૬ અને લખપત તાલુકામાં ૩૮ ઓરડાઓ મંજુર કરાયા છે. તો, ગાંધીધામના ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી એ પુછેલા પ્રશનનો ઉત્તર આપતા રાજ્યના ગ્રામવિકાસ મંત્રીએ જીલ્લામાં છેલ્લા ૨ વર્ષમાં જળસંધ્રહના ૪૧૫ કામ પૂર્ણ કર્યા હોવાની માહિતી આપી હતી.

---------------------------------------------------------------------------------------

## ગેરકાયદે ખનીજ ખનન અને વહન વિરુદ્ધ તપાસ :

જીલ્લાના ગેરકાયદેસર ખનીજ ખનન પર અને વહન કરતા તત્વો પર રોક લગાવવા જીલ્લા કલેકટર ડો.આનંદ પટેલ તથા ખાણ ખનીજ વિભાગની સુચના હેઠળ ત્વરિત તપાસ ટુકડીએ તપાસ હાથ ધરી છેલ્લા ૨ દિવસમાં કુલ ૧ કરોડ ૮૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે જે અંતર્ગત ભચાઉ તાલુકાના લાકડીયા પાસે તપાસ હાથ ધરાતા બિનઅધિકૃત રીતે ખનીજ વહન કરતા ૬ ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. તો, મુન્દ્રાની ભૂખી નદીના વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન અને વહન કરતું ડમ્પર પણ ઝડપી પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભુજ તાલુકાના ખાવડા વિસ્તારમાં પણ તપાસ કાર્યવાહી દરમ્યાન ખનીજ ઓવરલોડ કરતા ૨ ડમ્પરોને પકડી પાડવામાં આવ્યા હતા. ખનીજચોરી રોકવા માટે હાથ ધરાયેલી આ કડક કાર્યવાહી હજુ પણ ચાલુ રહેશે તેવું જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## જખૌ સેક્ટરમાં મરીન ટાસ્કફોર્સ દ્વારા સઘન સર્ચ ઓપરેશન :

મરીન ટાસ્ક ફોર્સના ADGP અમિત વિશ્વકર્મા અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ગુજરાતના દરિયાકાંઠે સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવા ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત આજરોજ DySP આર.એમ. ચૌધરીના નેતૃત્વમાં જખૌ સેક્ટરની મરીન કમાન્ડો ટીમે જખૌ બંદર, જેટી અને શિયાળ બારી સુધીના તટીય વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ડ્રાઇવ દરમિયાન માછીમારોને ડ્રગ્સની હેરાફેરી અને શંકાસ્પદ બોટો અંગે જાગૃત કરી પોલીસને સહયોગ આપવા સૂચના અપાઈ હતી. વિશેષમાં, હાલના વૈશ્વિક યુદ્ધની સ્થિતિને ધ્યાને રાખી દરિયામાં તણાઈ આવતા જહાજોના અવશેષો કે યુદ્ધ સામગ્રી અંગે પણ નાગરિકોને સાવચેત કરવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------